Civil Services (Main)
Examination- 2025

SLPM-D-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા: **ત્રણ** કલાક | મહત્તમ ગુણ: **250** |
| *Time Allowed : **Three** Hours* | *Maximum Marks : **250*** |

---

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

અહીં **બે વિભાગમાં આઠ** પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય **ત્રણ** ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

## SECTION A

**Q1. નીચે દર્શાવેલા પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) ગહન દીસે ભાઈ, કર્મની ગતિ,
એક ગુરુના અમો વિદ્યારથી;
એ થઈ બેઠો પૃથ્વીપતિ,
મારા ઘરમાં ખાવા નથી. *10*

(b) હું તો જ્યમ દારુકની પૂતળી, તે ચાળા કરે અપાર;
પણ કાષ્ઠમાં કાંઈએ નથી, એ તો કળ ચાંપે સૂત્રધાર. *10*

(c) ગાય શીખે તે સાંભળે મનના પોચે કોડ;
એક વાર સૌ બોલજો જય જય શ્રી રણછોડ. *10*

(d) વિરહુ સહૂ તિહ ભાગલઉ
કાગલઉ કુરતલઉ પેખી,
વાયસના ગુણ વરણએ
અરણએ વ્યજીઅ વિશેષિ. *10*

(e) શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી
થઈ રળે જતી અંથ વિયોગથી. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'અખેગીતા'માં માયાવિચારનું આલેખન *20*

(b) 'સુદામા ચરિત્ર' આખ્યાનમાં સુદામાના પાત્રનો પરિચય કરાવો. *15*

(c) 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧માં ગોવર્ધનરામનું સંસ્કૃતિ ચિંતન *15*

**Q3. વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'રાઈનો પર્વત' નાટકમાં જાલકાના પાત્રનું મહત્ત્વ સમજાવો. *20*

(b) 'ચંદ્ર ચંદાવતી' વાર્તામાંની સમસ્યાઓ વિશે નોંધ તૈયાર કરો. *15*

(c) 'અતિજ્ઞાન' ખંડકાવ્યમાં સંઘર્ષ. *15*

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.**

(a) 'ફાર્બસવિરહ'નું કરુણપ્રશસ્તિ કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. *20*

(b) 'વસંતવિલાસ'માં વિરહ અને શૃંગારના ભાવો વિશે નોંધ લખો. *15*

(c) 'મારી હકીકત'નું આત્મકથાસ્વરૂપના લક્ષણોની દૃષ્ટિએ મૂલ્યાંકન કરો. *15*

## SECTION B

**Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) મારી અને રાજનીતિ વચ્ચે આવનારને હું ક્ષમા કરતો નથી. *10*

(b) સાંઈઆસે સબકુછ હોત હૈ,
મુજ બંદેસે કુછ નાંહી,
રાઈકું પરબત કરે,
પરબત બાગે જ માંહી. *10*

(c) ખરી વાત કરું છું રાજુ ! હવે મારાથી આ ભૂખ
નથી વેઠાતી જીવ કાઢી નાખું એમ થાય છે. *10*

(d) હવે હું તારે ખોળે છઉં. *10*

(e) સ્વરાજ તો આપણા મનનું રાજ્ય છે, તેની ચાવી સત્યાગ્રહ, આત્મબળ કે દયાબળ છે. *10*

**Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) આજનું ભારત અને 'હિન્દસ્વરાજ'ની પ્રસ્તુતતા. *20*

(b) 'પાટણની પ્રભુતા'માં ઈતિહાસ અને કલ્પનાનું સામંજસ્ય. *15*

(c) 'કાવ્યની શક્તિ' ગ્રંથમાં 'કાવ્યની શક્તિ' લેખમાં રા.વિ. પાઠકના કવિતાવિષયક વિચારો વિશે ટૂંકનોંધ લખો. *15*

**Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર'ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો. *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહના 'ભાઈરે આપણા દુઃખનું કેટલું જોર' કાવ્યનો આસ્વાદ કરાવો. *15*

(c) 'જનાન્તિકે'ના નિબંધોને આધારે સુરેશ જોશીની નિબંધકાર તરીકેની લાક્ષણિકતાઓ સમજાવો. *15*

**Q8. સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'માનવીની ભવાઈ' કાળપ્રધાન નવલકથા છે – આ વિધાનની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(b) પ્રયોગાત્મક નાટયકૃતિ તરીકે 'અશ્વત્થામાં'નું મૂલ્યાંકન કરો. *15*

(c) 'નવપરણિત પેલાં' કાવ્યનો આસ્વાદાત્મક પરિચય કરાવો. *15*